# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-11-2024** **Morning : 7.10 to 7.20**
**Day: MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકીતા શાહ** વાંચે છે.

---

1) ટેકાના ભાવે કૃષિપેદાશોની ખરીદીનો હિમંતનગરથી મુખ્યમંત્રીના હસ્તે આજથી આરંભ થશે
2) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વડતાલમાં સ્વામિનારાયણ મંદિરના દ્વિશતાબ્દી મહોત્સવમાં વર્ચ્યૂઅલ સંબોધન કરશે.**
3) બનાસકાંઠાના વાવમાં 13મી નવેમ્બરના રોજ યોજાનારી પેટાચૂંટણીના પ્રચાર પડઘમ આજે સાંજથી થશે શાંત
4) સોમનાથમાં આજથી યોજાનારા કાર્તિકી પૂર્ણિમાના મેળામાં મુલાકાતીઓની સલામતી માટે મોટી રાઇડસ પર પ્રતિબંધ
5) પ્રવાસન વિભાગ દ્વારા આયોજીત કચ્છના ધોરડોમાં રણોત્સવનો આજથી પ્રારંભ થશે

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# CM KRUSHI PEDASH KHARIDI

રાજ્યભરમાં આજથી ટેકાના ભાવે મગફળીની ખરીદીની શરુઆત થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાબરકાંઠાના હિંમતનગર ખાતેથી આ ખરીદીનો આરંભ કરાવશે. રાજ્યમાં અંદાજે ૧૬૦થી વધુ ખરીદ કેન્દ્રો પર મગફળીની ટેકાના ભાવે ખરીદી થશે.

ટેકાના ભાવે મગફળીનું વેચાણ કરવા માટે અત્યાર સુધીમાં રાજ્યના કુલ ૩ લાખ ૩૩ હજારથી વધુ ખેડૂતોએ ઓનલાઈન નોંધણી કરાવી છે. જે ખેડૂતોએ નોંધણી કરાવી છે તે તમામ ખેડૂતો પાસેથી એક હજાર ૩૫૬ રૂપિયા અને ૬૦ પૈસા પ્રતિ મણના ભાવે મગફળીની ખરીદી કરવામાં આવશે.

------------------------------------------------------------------------

- અખબારી યાદી – હર્ષલ પંડ્યા

-(NAVIN)

# PM SWAMINARAYAN TEMPLE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ખેડાના વડતાલમાં શ્રી સ્વામિનારાયણ મંદિરના દ્વિશતાબ્દી સમારોહમાં વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી સંબોધન કરશે.

વડતાલમાં આવેલું શ્રી સ્વામિનારાયણ મંદિર અનેક દાયકાઓથી લોકોના સામાજિક અને આધ્યાત્મિક જીવનની આસ્થાનું કેન્દ્ર રહ્યું છે. આ મંદિરનું નિર્માણ ભગવાન શ્રી સ્વામિનારાયણના આદેશ પર સદગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામી અને સદગુરુ શ્રી અક્ષરાનંદ સ્વામીએ કરાવ્યું હતું.

વડતાલ સ્વામિનારાયણ મંદિરની સ્થાપનાને 200 વર્ષ પૂર્ણ થતાં દ્વિ-શતાબ્દી મહોત્સવની ઉજવણી કરાઈ રહી છે દેશ-હજારોની સંખ્યામાં હરીભકતો મહોત્સવમાં સહભાગી થવા વડતાલ ખાતે ઉમટયા છે. 15 નવેમ્બર સુધી ચાલનારા આ મહોત્સવનો 7 નવેમ્બરે પોથીયાત્રા – કળશયાત્રા સાથે પ્રારંભ થયો હતો. આ મહોત્સવમાં અલગ – અલગ ડોમમાં વિવિધ સાંસ્કૃતિક પ્રદર્શનો યોજાઈ રહ્યા છે.

આ મંદિર કમળના આકારમાં બનેલું છે, જે તમામ ધર્મ વચ્ચે સદભાવની ભાવનાનું પ્રતીક છે. તાજેતરમાં જ વડતાલ મંદિરની 200મી વર્ષગાંઠ ઉજવવા માટે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં તેની મહત્વની ભૂમિકાના સન્માનમાં એક વિશેષ ટપાલ ટિકિટ પણ જાહેર કરાઈ છે.

---

- -- **POOL- PRAVESH**

-(NAVIN)

# CM DADA BHAGVAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વડોદરા ખાતે આયોજિત દાદા ભગવાનની ૧૧૭મી જન્મ જયંતીની ઉજવણીમાં સહભાગી બન્યા હતા. મુખ્યમંત્રી અને દીપકભાઇએ ભારત સરકારના ડાક વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલી દાદા ભગવાનની સ્મરણિકા ટપાલ ટિકિટનું વિમોચન પણ કર્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે દાદા ભગવાને આપેલ જ્ઞાન કર્મ કે તબક્કા વગર સીધુ જ આત્મજ્ઞાન પહોંચાડે છે. દાદા ભગવાનના વાણી અને વ્યવહાર થકી આજની પેઢીઓ સમસ્યાઓ, પ્રદૂષણ અને પડકાર સાથે કેવી રીતે જીવવું તે પ્રાપ્ત થઈ રહ્યું છે.

અક્રમ વિજ્ઞાન થકી દેશવિદેશમાં અનેક લોકો કર્મમુક્ત જીવન જીવવાનો માર્ગ અપનાવી મોક્ષ માર્ગે આગળ વધી રહ્યા છે. સાધુ, સાદુ અને સરળ જીવન થકી મુક્તિનો માર્ગ દાદા ભગવાને પ્રશસ્ત કર્યો છે.

-----------------------------------------------------------------------

- અખબારી યાદી- હર્ષલ પંડ્યા

-(NAVIN)

# TANA RI RI MAHOTSAV

વડનગરમાં ગઈકાલથી બે દિવસીય તાના-રીરી સંગીત સમારોહનો પ્રારંભ થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે આ મહોત્સવને ખુલ્લો મૂકયો છે. આ વર્ષે એવોર્ડ તાના-રીરી સમારોહમાં ખ્યાતનામ મહિલા પ્રતિભા સુશ્રી વિદુષી પદ્મા સુરેશ તલવલકર અને ડો. પ્રદીપ્તા ગાંગુલીને તાના-રીરી સંગીત સન્માન એવોર્ડ એનાયત કરાશે.

તાના-રીરી એવોર્ડથી સન્માનિત શાસ્ત્રીય સંગીતની મહિલા પ્રતિભાઓને અઢી લાખ રૂપિયાનો રોકડ પુરસ્કાર, તામ્રપત્ર અને શાલ અર્પણ કરવામાં આવશે. એવોર્ડ સમારોહમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી મુળુભાઇ બેરા, ગૃહમંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહેશે.

રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ શરૂ કરેલા તાના-રીરી મહોત્સવમાં દેશના પ્રખ્યાત કલાકારો સંગીતકલા રજૂ કરે છે. આજે શશાંક સુબ્રમણ્યમ વાંસળી વાદન અને પાર્થિવ ગોહિલ ગ્રુપ સંગીતના સુરો રેલાવશે.

---

- રીપીટ

# By-election to Vav assembly

વાવ વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટેના પ્રચાર પડઘમ આજે સાંજે શાંત થશે.

ભાજપ-કોંગ્રેસ-અપક્ષ સહિત તમામ પક્ષોના ઉમેદવારો મતદારોને રીજવવાના છેલ્લી ઘડીના પ્રયાસો કરી રહ્યા છે. તમામ પક્ષો દ્વારા જાહેર સભા, રેલી તથા ડોર ટુ ડોર પ્રચાર કરાઈ રહ્યો છે.

વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીની અધ્યક્ષતામાં ચૌધરી સમાજનું મહાસંમેલન વાવના સવપુરા ગામે મળ્યું હતું. સબ માર્કેટયાર્ડ ખાતે યોજાયેલા આ સંમેલનમાં પૂર્વ સાંસદ પરબત પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.અને ભાજપના ઉમેદવાર ને જીતાડવાની અપીલ કરી હતી.

આ ઉપરાંત ભાભરના એટા ખાતે બ્રહ્મ સમાજનું સંમેલન મળ્યું હતું.. વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી, પ્રફુલ પાનસેરિયા, અલ્પેશ ઠાકોર સહિતના નેતાઓ આ સંમેલનમાં ઉપસ્થિત રહ્યા હતા. બ્રહ્મ સમાજના આગેવાનોએ ભાજપના ઉમેદવાર ને જીતાડવાની અપીલ કરી હતી.

ઉલ્લેખનીય છે કે, આ પેટા ચૂંટણી માટે આગામી 13 નવેમ્બરે મતદાન યોજાશે. દરમિયાન પેટાચૂંટણીમાં ભાજપ સાથે બળવો કરી અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહેલા માવજી પટેલ સહિત પાંચ આગેવાનોને ભાજપે પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરવા બદલ પક્ષમાંથી સસ્પેન્ડ કર્યા છે.

---

- ડેસ્ક પીટીસી Banaskantha - નિકીતા -(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.........................................

# Training for young of Dang

ડાંગ જિલ્લાના રોજગારી ઇચ્છતા યુવકો માટે ડાંગ તંત્ર દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. પોલીસ, વનવિભાગ અને અગ્નિવીરની ભરતીની યુવાનો દ્વારા કરવામાં આવતી તૈયારી માટે તાલીમની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

આહવાના પોલીસ હેડકવાર્ટર ખાતે પોલીસ ભરતીના શારિરીક યોગ્યતા માટેની તૈયારીઓ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. તેમ ડાંગના ડી.વાય. એસ.પી. સુનિલ પાટીલે જણાવ્યું છે.

## બાઈટ : ડી.વાય.એસ.પી. સુનિલ પાટીલ

---------------------------------------------------------------------

- સ્ટોરી અને બાઈટ પીટીસી - મુનિરા શેખ, હર્ષલ પંડયા

-(NAVIN)

# SOMNATH KARTIK MELO

સૌરાષ્ટ્રના સૌથી પ્રસિદ્ધ મેળામાંના એક એવા સોમનાથના કાર્તિકી પૂર્ણિમા મેળામાં સેંકડો ભક્તો ઉમટે છે. ત્યારે આજ સાંજથી શરૂ થનારા આ પરંપરાગત મેળામાં આવનાર સહેલાણીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સોમનાથ ટ્રસ્ટે શ્રધ્ધાળુઓની સલામતી માટે મહત્વપૂર્ણ પગલું લીધું છે. ટ્રસ્ટે મેળામાં મોટી રાઈડ્સની એજન્સીને સરકાર દ્વારા નિયત કરાયેલા સુરક્ષાના માપદંડો પૂરા કરવામાં નિષ્ફળ જે તે એજન્સીનો વર્કઓર્ડર રદ કરી મોટી રાઈડ્સ બંધ રાખાવવાનો નિર્ણય કર્યો છે.

જોકે  બાળકોને મેળાનું આકર્ષણ નાની રાઇડસ હોય છે ત્યારે બાળકો માટે નાની અને સલામત રાઈડ્સ ઉપલબ્ધ રહેશે, જેમાં તમામ સુરક્ષા તકેદારીનું પાલન કરવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------

- પીટીસી Gir Somnath, હર્ષલ પંડયા

- -(NAVIN)

# Ranotsav

કચ્છના સફેદ રણ ધોરડોમાં આજથી કચ્છ રણોત્સવનો પ્રારંભ થશે. જો કે, આજથી માત્ર ટેન્ટસીટી શરૂ કરાશે. સાંસ્કૃતિક કાર્યક્રમો – ક્રાફટ બજાર વિગેરે પહેલી ડિસેમ્બરથી શરૂ કરાશે.

ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે 7.42 લાખથી વધુ પ્રવાસીઓએ રણોત્સવની મુલાકાત લીધી હતી. આ વર્ષે પણ મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવવાની સંભાવનાના પગલે પરમીટ માટે ચાર નવી ટીકીટ બારી શરૂ કરાઈ છે. આ સાથે ભુજ થી ધોરણો સુધી બસો દોડાવવાનું પણ આયોજન કરાયું છે.

---

- ડેસ્ક, નિકીતા - -(NAVIN)

# JND LILI PARIKRAMA

ગિરનારના જંગલમાં યોજાતી લીલી પરિક્રમાને શરૂ થવાને હવે એક દિવસ બાકી છે. બારમી નવેમ્બરથી યોજાનારી આ વિખ્યાત લીલી પરિક્રમામાં હજારો લોકો જોડાશે. ત્યારે તંત્ર દ્વારા પણ તમામ તૈયારીઓ કરી લેવાઇ છે. આ તૈયારીઓની સમીક્ષા માટે સાધુ સંતો, અધિકારીઓ એ પરિક્રમાના રૂટનું નિરીક્ષણ કર્યું હતું. તંત્ર દ્વારા કરાયેલી વ્યવસ્થા અંગે અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી.. આ ચર્ચા દરમિયાન વધુ મેડિકલ ટીમો તેમજ NDRF ટીમો તૈનાત કરવા સૂચન કરાયું હતું.

રૂટ નિરીક્ષણ યાત્રામાં ગિરનાર મંડળના ઇન્દ્રભારતી બાપુ, જગતગુરુ મહેન્દ્રાનંદગીરી, મહેશગીરી બાપુ, જૂનાગઢના ધારાસભ્ય સંજય કોરડીયા, કલેકટર, પોલીસ અધિક્ષક તેમજ વન વિભાગના અધિકારીઓ જોડાયા હતા. રૂટ ઉપર આવેલા ઇટવા ઘોડી, જીણાબાવાની મઢી, બોરદેવી, સહિતના વિસ્તારોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.. આ રૂટ પર પાણી, શૌચાલય સહિતની વ્યવસ્થા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. પરિક્રમા કરનારા લોકોને કોઇ પણ સમસ્યા ન સર્જાય અને સરળતાથી આ પરિક્રમા પૂર્ણ થાય તે માટેના તંત્ર દ્વારા તમામ જરૂરી પગલાં લેવાઇ રહ્યાં છે.

--------------------------------------------------------------------

- દૂરદર્શન- હર્ષલ પંડ્યા

-(NAVIN)

# RAILWAY

પશ્ચિમ રેલવે, મુસાફરોના ધસારાને પહોંચી વળવા ચાર વિન્ટર સ્પેશિયલ ટ્રેન દોડાવશે.

રેલવે દ્વારા વિશેષ ભાડા પર, બ્રાંદ્રા ટર્મિનસ ભુજ, વલસાડ – ભુજ, બાંદ્રા ટર્મિનસ – હિસાર ટ્રેનો દોડાવાનો નિર્ણય કરાયો છે.

જે અંતર્ગત બાંદ્રા ટર્મિનસ – ભુજ સુપરફાસ્ટ, મંગળવાર – ગુરુવાર અને રવિવારે બાંદ્રા ટર્મિનસથી રાત્રે પોણા બારે ઉપડી બીજા દિવસે 1 વાગે ભુજ પહોંચશે.

ભુજ – બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ બુધવાર, શનિવાર અને સોમવારે સાંજે 7 વાગે ભુજથી ઉપડશે.

બાંદ્રા ટર્મિનસ હિસાર સુપરફાસ્ટ 12 નવેમ્બર બાંદ્રા ટર્મિનસથી 9-30 મિનિટે ઉપડશે.

---------------------------------------------------------------------

- ડેસ્ક - નિકીતા -(NAVIN)